KV-1534 Seat No.________

# M. A. (Sem. II) Examination

## April/May - 2013

## Gujarati : EC - 204

## (Option - II)

(લોકવાઙ્મયનું સ્વરૂપ, સંશોધન, સંપાદન અને કૃતિલક્ષી અભ્યાસ)

Time : 3 Hours] [Total Marks : **70**

૧ નીચેના પ્રશ્નના આશરે ૩૦૦ શબ્દોમાં જવાબ લખો : ૨૮

(અ) લોકવાઙ્મયના સંશોધન-સંપાદનમાં ક્ષેત્રકાર્યનું મહત્ત્વ દર્શાવીને તેની વિવિધ પદ્ધતિઓનો પરિચય કરાવો.

**અથવા**

(અ) ઝવેરચંદ મેઘાણીએ લોકવાઙ્મયના ક્ષેત્રે કરેલી સંશોધન-સંપાદન પ્રવૃત્તિની સવિસ્તર સમીક્ષા કરો.

(બ) વિષયદૃષ્ટિએ અને સ્વરૂપદૃષ્ટિએ થતા લોકવાઙ્મયના સંપાદનનો ખ્યાલ આપો.

**અથવા**

(બ) એક નોંધનીય લોકગીતસંગ્રહ તરીકે 'રઢિયાળી રાત' ભાગ-૧ની કૃતિલક્ષી સમીક્ષા કરો.

૨ આશરે ૨૦૦ શબ્દોમાં જવાબ લખો : ૨૦

(અ) કોઈ એક વિશે કૃતિલક્ષી ચર્ચા કરો :

(૧) ચૌદલોક

(૨) મું તો ઢોલે રમું

(બ) કોઈ એક સંશોધક-સંપાદકનો પરિચય આપો :

(૧) ભગવાનદાસ પટેલ

(૨) શાંતિલાલ આચાર્ય.

૩ નીચેનામાંથી કોઈ પણ છના માંગ્યા પ્રમાણે જવાબ લખો : ૧૨

(૧) લોકવાઙ્મયના સંશોધનમાં ક્ષેત્રકાર્ય કરતી વખતે સંશોધકને કઈ કઈ મુશ્કેલીઓ પડે છે ?

(૨) લોકવાઙ્મયના સંશોધન-સંપાદનની પ્રવૃત્તિને વેગ આપનાર ઉત્તર ગુજરાત વિસ્તારના કોઈ પણ બે લોકસાહિત્યકારોનાં નામ આપી, તેમની એક-એક કૃતિનું નામ લખો.

(૩) 'ચંદર ઊગ્યે ચાલવું'માં કઈ પ્રેતકથા સંગ્રાયેલી છે ? એ પ્રેતકથામાં કઈ વાત ગૂંથાઈ છે ?

(૪) 'ગુજરાત કાઠિયાવાડ દેશની વાર્તા' કેટલા ભાગમાં પ્રસિદ્ધ થઈ છે ? પ્રથમ ભાગમાં સંગ્રહાયેલી કોઈ પણ ચાર લોકવાર્તાના નામ લખો.

(૫) 'ચૌદલોક'માં સંપાદિત થયેલાં 'ભરેલો' નામનાં ગીતો ક્યારે ગાવામાં આવે છે ?

(૬) લોકસાહિત્યકાર અમૃત પટેલે લોકસાહિત્ય ક્ષેત્રે સંપાદિત કરેલી ચાર કૃતિઓનાં નામ આપો.

(૭) શાંતિલાલ આચાર્ય સંપાદિત પુસ્તક 'હેંડો વાત માંડીએ'માં સંપાદિત થયેલી કોઈ પણ ચાર લોકવાર્તાઓનાં નામ આપો.

(૮) 'નાગરસ્ત્રીઓમાં ગવાતાં લગ્નગીતો' એ કોનું સંપાદન છે ? આ સંપાદિત-કૃતિનો ટૂંકમાં પરિચય આપો.

૪ નીચેનામાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરીને લખો : ૧૦

(૧) નીચેનામાંથી કયું પુસ્તક પુષ્કર ચંદરવાકરનું નથી ?
(A) નવો હલકો (B) વાગે રૂડી વાંસરી રે
(C) ચંદર ઊગ્યે ચાલવું (D) કાઠિયાવાડી જવાહિર

(૨) નીચેનામાંથી કયું પુસ્તક દુલેરાય કારાણીએ સંપાદિત કર્યું છે ?
(A) કચ્છી કહેવતો
(B) કચ્છનું સંસ્કૃતિદર્શન
(C) ચંપાની કળીઓમાં કસ્તૂરી
(D) લોકજણસ

(૩) ગુજરાત-રાજસ્થાન સીમા પર વસેલ ડુંગરી ભીલોમાં પ્રચલિત પરંપરિત કંઠસ્થ લોકસાહિત્યનું સંપાદન કરનાર કયા લોકસાહિત્યકાર છે ?
(A) ભગવાનદાસ પટેલ (B) પુષ્કર ચંદરવાકર
(C) જયમલ્લ પરમાર (D) દુલેરાય કારાણી

(૪) ટોડ પ્રકારનું લોકનાટ્ય ઉત્તર ગુજરાતની કઈ કોમ સાથે સંકળાયેલું છે ?
(A) નાયક (B) પ્રજાપતિ
(C) વાઘરી (D) રાવળ

(૫) નીચેનામાંથી કોણે લોકસાહિત્યના સંશોધન-સંપાદનનું કાર્ય કર્યું નથી ?
(A) જોરાવરસિંહ જાદવ (B) જયંતિલાલ દવે
(C) બળવંત જાની (D) મણિલાલ હ. પટેલ

(૬) ફ.બ.માસ્ટરના પુસ્તક 'ગુજરાતી કાઠિયાવાડ દેશની વાર્તા'ના ગુજરાતી નામની સાથોસાથ બીજું કયું અંગ્રેજી નામ અપાયું છે ?
(A) The Folklore of Gujarat
(B) The Folklore of Gujarat - Kathiyavad
(C) Gujarat Folk-tale
(D) Folklore on Folklife

(૭) નીચેનામાંથી કયા લોકસાહિત્યકાર પારસી છે ?

(A) ફરામજી બમનજી માસ્ટર

(B) જીવરામ અજરામર ગોર

(C) પુષ્કર ચંદરવાકર

(D) હરગોવિંદદાસ કાંટાવાળા

(૮) 'ઓખા મંડળની લોકકથાઓ' એ કોનું સંપાદન છે ?

(A) પુષ્કર ચંદરવાકર (B) શાંતિલાલ આચાર્ય

(C) દુલેરાય કારાણી (D) ઝવેરચંદ મેઘાણી

(૯) ઝવેરચંદ મેઘાણીનું 'કંકાવટી' પુસ્તક કેટલા ભાગમાં પ્રસિદ્ધ થયું છે ?

(A) બે (B) ત્રણ

(C) ચાર (D) પાંચ

(૧૦) લોકસાહિત્યની સંશોધન-સંપાદનની પ્રવૃત્તિ માટે વપરાતો 'ક્ષેત્રકાર્ય' શબ્દ માટે કયો અંગ્રેજી શબ્દ વપરાય છે ?

(A) Field work (B) Field Go

(C) Folk work (D) Field-n-field.

---